# ECHO OF HIS CALL

## ઇસુ ખ્રિસ્તના સાદનો પ્રતિસાદ GUJARATI

*India's National Spiritual Newspaper* ₹ 10/-

Published monthly in ENGLISH, TAMIL, MALAYALAM, TELUGU, HINDI, KANNADA, MARATHI, BENGALI, GUJARATI, ODIYA, ASSAMESE, PUNJABI, NEPALI, URDU, SINHALA & AFRIKAANS

**Editor : S. SAM SELVA RAJ** **16 Languages** **Associate Editor : Bro. Pankaj C. Wadia**

VOL: XXII YEAR OF OUR LORD JESUS CHRIST, 2020 MARCH NO: 4


### પવિત્ર બાઈબલ

**કૃપા કરી આ ભાગ મોઢે કરો**

**પ્રભુની સ્તુતિ થાઓ!!**

**ગીતશાસ્ત્ર : ૧૩૮ : ૧-૮**

૧. હું ખરા હ્રદયથી તારી આભારસ્તુતિ કરીશ; હું દેવોની આગળ તારાં સ્તોત્ર ગાઈશ.

૨. હું તારા પવિત્ર મંદિર ભણી ફરીને ભજન કરીશ, તારી કૃપા તથા સત્યતાને લીધે હું તારૂં નામ વખાણીશ; કેમ કે સર્વ કરતાં તે તારા નામનું માહાત્મ્ય વધાર્યુ છે.

૩. મેં વિનંતી કરી તે જ દિવસે તેં મને ઉત્તર આપ્યો અને આત્મબળ આપીને મને બળવાન કર્યો.

૪. હે યહોવા, પૃથ્વીના સર્વ રાજાઓએ તારા મુખનાં વચન સાંભળ્યા છે, તેથી તેઓ તારી સ્તુતિ કરશે.

૫. હા, તેઓ યહોવાના માર્ગો વિષે ગાશે; કેમ કે યહોવાનો મહિમા મહાન છે.

૬. જો કે યહોવા મહાન છે, તો પણ તે દીન જનો પર લક્ષ રાખે છે; પણ ગર્વિષ્ઠોને તો તે વેગળેથી ઓળખે છે.

૭. જો મારે સંકટમાં ચાલવુ પડશે, તો પણ તું મને જિવાડશે; મારા શત્રુઓના ક્રોધની સામે તું તારો હાથ લાંબો કરશે, અને તારો જમણો હાથ મને તારશે.

૮. મારા સંબંધનું જે છે તે સર્વ યહોવા પૂર્ણ કરશે; હે યહોવા, તારી કૃપા સદાકાળ ટકનાર છે; તું તારા હાથનાં કામોનો ત્યાગ ન કર.

# ઇશ્વરની સમક્ષતા/હાજરીનું સામર્થ્ય

આ સંદેશો તો સર્વશક્તિમાન ઇશ્વરની સમક્ષતા/હાજરીના સામર્થ્ય વિશે છે અને આપણે કેવી રીતે તે સામર્થ્યને પકડી શકીએ! પવિત્રશાસ્ત્ર અપાર ઉદાહરણો આપે છે કે કેવી રીતે ઇશ્વરની હાજરી તેમના બાળકોને તેમના માટે જીવવા સામર્થ્યવાન કરે છે. અને આમાનું એક સામર્થ્યવાન ઉદાહરણ તો મૂસાના જીવનમાં જોવા મળે છે.

મૂસાને ખાતરી થઈ હતી કે તેના જીવનમાં ઇશ્વરની હાજરી વગર, તેને માટે કંઈ પણ કરવું નકામું છે. જ્યારે તે મોઢામોઢ ઇશ્વર સાથે બોલ્યો, ત્યારે તેણે કહયુ; “જો તારી સમક્ષતા મારી સાથે ન આવે તો અમને અહીંથી લઈ ન જા.” (નિર્ગમન ૩૩:૧૫) તે કહેતો હતો, “હે યહોવા દેવ, જો તારી સમક્ષતા મારી સાથે નહિ હોય તો હું ક્યાંય પણ જવાનો નથી. જ્યાં સુધી મને ખાતરી નહિ થાય કે તમે મારી સાથે છો, ત્યાં સુધી હું એક ડગલું પણ આગળ વધીશ નહિ.”

મૂસા જાણતો હતો કે તે તો ઇશ્વરની હાજરી ઇસ્ત્રાએલ મધ્યે હતી જે તેઓને અન્ય દેશોથી અલગ પાડતી હતી. અને તે આજે ઇસુ ખ્રિસ્તની મંડળી માટે ખરું છે. એક જ વાત આપણને અન્ય અવિશ્ર્વાસીઓથી જુદા પાડે છે અને તે છે ઇશ્ર્વરમાં વિશ્ર્વાસ કરવો કે “આપણી સાથે” -આપણને દોરનાર, માર્ગ બતાવનાર, તેઓની ઇચ્છા તેમના દ્વારા અને તેમની મધ્યે કાર્યરત કરવી.

મૂસા તે વિશે ચિંતા કરતો નહતો કે અન્ય દેશો તેમનું માર્ગદર્શન કેવી રીતે મેળવતા હતા, તેમની યોજનાઓ કેવી રીતે કરતા હતા, તેમની સરકારો કેવી રીતે ચલાવતા હતા અથવા તેમના દુશ્મનોને કેવી રીતે દોરતા હતા. તેણે કહ્યું, “આપણે ફકત એક જ સિદ્ધાંત પર કામ કરીએ છીએ. આપણા માટે એક માર્ગ છે કે કેવી રીતે દોરવણી પામવી અથવા કેવી રીતે ચાલવું, લડાઈ કરવા અને આ અરણ્યમાં ટકી રહેવું અને તે તો છે આપણી સાથે ઇશ્ર્વરની હાજરી!”

“જ્યારે આપણી મધ્યે યહોવા દેવની હાજરી છે, કોઈ આપણને નુકસાન કરી શકે નહિ. પણ તેમની વગર, આપણે અસહાય છીએ, કંઈ પણ નથી. સર્વ દેશોને તેમના શક્તિશાળી લશ્કરો પર, તેમના લોઢાના રથો પર, તેમના કુશળ સૈનિકો પર, તેમના નવા હથિયારો પર ભરોસો રાખવા દો. આપણે તો પ્રગટીય ઇશ્ર્વરની હાજરી પર જ ભરોસો કરીશું!”

અહીં ઇશ્ર્વર મૂસાના આત્મવિશ્ર્વાસભર્યા નિવવેદનને કેવી રીતે જવાબ આપે છે. “**...મારી સમક્ષતા તારી સાથે આવશે, ને હું તને વિસામો આપીશ.**” (નિર્ગમન ૩૩:૧૪). કેવી અતુલ્ય ખાતરીનું વચન! “વિસામા” માટે હિબ્રુ શબ્દ છે “આરામદાયક, શાંત સમય”. ઇશ્ર્વર કહે છે, “કોઈ વાંધો નહિ કેવી પણ સતાવણી કે દુશ્મનનો તુ સામનો કરે, તું હમેશાં મારામાં શાંત વિસામો મેળવીશ”!

આનો વિચાર કરોઃ જો મંડળીમાં ઇશ્ર્વરની પ્રગટીય હાજરી તેઓની મધ્યે હોય તો ત્યાં કોઈ પણ ધમાલ કે ધાંધલ ન હોય, શોષણ કે બીજો પ્રયત્ન ન હોય. ફકત ત્રણ ગીતો, દાન અને ટુંકા સંદેશા સાથે ભજનસેવા ઉતાવળથી થતી ન હોય. તેને બદલે, ત્યાં શાંતમય શાંતી હશે, શાંત વિસામો હશે-અને દરેક જણ જેઓ તે દ્વારોમાંથી જશે, તેમને તે અનુભવ થશે!

અનુસંધાન પાન ૪ પર

૧૯૬૯ થી ... શિક્ષણ દ્વારા ઘણા જીવનોને સ્પર્શ.

# ઈસુના તેડાનો પ્રતિધ્વનિ

અંગ્રેજી, તમિલ, મલયાલમ, તેલુગુ, હિંદી, મરાઠી, કન્નડ, બંગાલી, ગુજરાતી, ઉડીયા, આસામી, પંજાબી, નેપાલી, ઊર્દુ, સિંહાલી અને આફ્રિકાન્સ-નું માસીક પત્ર.



**"..તેથી તારૂં ભલું થશે."** (અયુબ ૨૨:૨૧)

ઇસુ ખ્રિસ્તમાં વહાલા મિત્રો,

આપણા ઇશ્વર અને તારનાર ઇસુ ખ્રિસ્તના અદ્ભૂત નામમાં તમને પસંદગીની શુભેચ્છાઓ. અમને આશા છે કે જ્યારે પણ અમે પ્રાર્થના કરીએ, ત્યારે તમે પણ ઇશ્વરના સામર્થ્યના આવરણનો આનંદ લઈ રહયા છો.

આજકલ દુનિયાના ઘણા દેશોમાંની જુદી જુદી સંસ્કૃતિના લોકોના જીવનોમાં પવિત્ર આત્મા વહેતો થવાની શરૂઆત થઇ છે તે વિશે અમો સાંભળી શકીએ છીએ. અમે સાંભળીએ છે અમારા ઘણા મિત્રો અને મહાનુભાવો વિશે જેઓ પ્રભુ ઇસુ ખ્રિસ્ત પર વિશ્ર્વાસ ન કરતા દૂર રહેતા હતા, તેઓ હવે તેમના બચાવનાર તારનાર પાસે આવ્યા છે અને ઉઘાડી રીતે ઇસુ ખ્રિસ્ત તેમના પ્રભુ અને તારણહાર છે એમ જાહેર કરે છે. આમાં સિને જગતના અને રાજકરણના લોકો પણ છે. તેથી સર્વ ઇશ્ર્વરના લોકો જેઓ સંપ્રદાયના તફાવતને ધ્યાનમાં લીધા વિના પ્રાર્થના કરે છે અને સેવા કરે છે, પ્રતિકૂળ સંજોગો હોવા છતાં, તેમણે વણખેડાયેલા દેશોનાં લોકો સુધી પહોંચી શકે માટે પ્રભુ ઇસુ ખ્રિસ્તનો આભાર માનવા માટે અવાજ ઉઠાવવો જોઇએ.




આપણે પ્રસાર માધ્યમના લોકો માટે પણ પ્રાર્થના કરવી જોઈએ જેથી તેઓ આત્મિક જગતમાં જે ખરી બાબતો થઈ રહી છે તેને જાહેર કરવાની હિંમત દાખવી શકે. લોકોની વચ્ચે ઇશ્ર્વરના ઘણા કામો થઈ રહયા છે જે સાધારણ લોકોની જાણકારીમાં અને ધ્યાનમાં લાવવામાં આવતા નથી. આવો આ મહિનામાં પ્રાર્થના કરીએ ખાસ કરીને પસાર માધ્યમો જેવા કે સમાચારપત્રો, દૂરદર્શન, ઇન્ટરનેટ, વોટ્સઅપ વગેરે માટે, જેથી તેઓ આત્મિક જગતમાં થતા ચમત્કારો અને હકીકતો બહાર લાવવા આગળ આવી શકે. આપણા પ્રભુ અને તારનાર ઇસુ ખ્રિસ્તના સામર્થ્ય વડે દરરોજ અદ્ભૂત બાબતો લોકોનાં જીવનોમાં થઈ રહી છે. અમે પ્રભુ ઇસુ ખ્રિસ્તના ઘણા આભારી છીએ પ્રાર્થના યોધ્ધાઓનાં પોકારોને સાંભળવા માટે અને મુશ્કેલ સ્થળોએ સુવાર્તા ફેલાવવાની સખત મહેનત માટે ઇશ્ર્વરના લોકોનો આદર કરીએ છીએ.

**CHIEF EDITORS**
Pastor S. Sam Selva Raj
Angeline Selvakumari Henry, M.A., M.Ed.

**MANAGING EDITOR**
Pastor Alex Samson Sam, B.Th., M.Div.

**ADMINISTRATION**
Bro. N. Prakasam, M.A., General Manager

**EDITORIAL BOARD**
Sis. Jesy Veena Sam
Bro. M. Paulraj, M.A., B.Ed.
Sis. Serena Bevin, M.A., M. Phil., B.Ed.

**ADVISORY BOARD**
Adv. Jose Abraham
Adv. N. Balaji, B.Com., B.L.
Dr. S. Rabinder Boaz, M.S.
Er. C.G.S. Baburao, B.Tech., M.Tech. (DM)
Aud. K. Puratchivendan, M.Com., B.L.
Bro. Rajeswaran Samuel, B.Com.

**PUBLISHER & PRINTER**
Pastor S. SAM SELVA RAJ
**Echo of His Call Printers**
10, Mohammed Abdullah 2nd Street,
Chepauk, Chennai- 600 005, India.
**Phone :** (+91-44) 2852 8282
2852 9293, 2854 7766
**Email :** sam@echoofhiscall.org
biblecor@yahoo.co.in
**Websites :**
www.echoofhiscall.org
www.echoofhiscall.com

અમારી મિશન વિસ્તારોની સેવામાં પણ અમે સાંભળીએ છીએ મોટી આત્મિક ઉન્નતિ થતી એવા લોકોની મધ્યે જેઓ અમારા કાર્યકરોની પહોંચમાં છે.

આ વર્ષની ૯મી જાન્યુઆરીએ, અંદાજે બપોરે ૧૨.૩૦ વાગે અમે અમારી મિશનરી સફરમાં ભારતનાં દક્ષિણ ભાગની જગ્યા જે તિરૂનેવેલી નામથી જાણીતી છે, ત્યાં ધોરીમાર્ગ પર આવેલા ભોજનાલયમાં ટુંકો વિરામ લેવા થોભ્યા હતા. અનપેક્ષિત રીતે એક પતિ અને પત્નિ અમારી સામે મેજ પર સાથે બેઠા. અમે લાંબી મુસાફરીથી થાકી ગયા હતા તેથી અમે અમારા કોફીના પ્યાલા પર ધ્યાન આપી રહયા હતા અને તેનો આસ્વાદ લઈ રહયા હતા. ત્યારે તે કુટુંબના વડીલે અમારી તરફ ગંભીરતાથી જોયું અને અચાનક અમને આલિંગન કર્યુ અને નીચે મુજબનું રસપ્રદ નિવેદન જાહેર કર્યુ;

"વહાલા ભાઈ સામ, શું તમે મને ઓળખી શકો છે? હું રેવ. રામાધાસ, જે ચેન્નાઈમાં વર્ષ ૧૯૯૨-૧૯૯૪ દરમિયાન તમારી નહેમ્યાહ બાઈબલ કોલેજમાં નમ્ર વિદ્યાર્થી હતો. તમે કોલેજનો વહીવટ ચલાવતા હતા અને ખ્રિસ્તના ઉત્સાહ સાથે વિદ્યાર્થીઓને ભણાવતા હતા. હું ત્યારે પ્રખ્યાત દૈનિક સમાચારપત્ર, "ધીના થાન્થી" માં કામ કરતો હતો. એક દિવસ, જ્યારે તમે

**Our Ministries:** ECHO OF HIS CALL Monthly Magazines (16 languages) BIBLECOR - Postal Courses (3 languages) Theological Correspondence Courses (2 languages) Church Planting Nehemiah Bible Colleges Gospel Printing Press Great Commission Partners Village English High School Crusades 100 Prayer Warriors Community Development

પ્રભુ ઇસુ ખ્રિસ્તના કામના સાર્વભોમિકતા વિશે સમજાવતા હતા, ત્યારે તમે એ પણ જણાવ્યું હતું કે પ્રભુ ઇસુ ખ્રિસ્તે કેવી રીતે તમને બોલાવ્યા સેવા કરવા માટે જ્યારે તમે લાભકારી સરકારી નોકરી ધરાવતા હતા અને કેવી રીતે પ્રભુ ઇસુ ખ્રિસ્તે તેમની મિનિસ્ટ્રીમાં તમારો ઉપયોગ કર્યો અને તમને જીવનમાં સફળતા આપી. ઇશ્વરે મારા હૃદય સાથે વાત કરી અને હું પણ તેમની પૂર્ણ સેવાના ઉદ્યોગમાં આવુ એમ ઇચ્છતા હતા. તે મૂજબ, મેં મારૂં ભણતર પૂર્ણ કર્યુ અને પદવી મેળવી અને મારી દુન્યવી સમાચારપત્રની પેઢીની નોકરી હિંમતથી છોડી દિધી અને ઇસુ ખ્રિસ્તની મિનિસ્ટ્રીની સેવામાં કુદી પડ્યો. હવે ઇશ્વરે મને આશીર્વાદિત કર્યો છે અને મને વડિલ પાળક તરીકે આગળ લાવ્યા છે. તેમણે મને સર્વ આપ્યું છે, જેમ કે ચર્ચ મકાન, રહેવાનું મકાન, વાહન વગેરે. અને મારી સર્વ જરૂરીયાત પૂરી કરે છે. હું મારી પત્નિ અને દિકરી સાથે ઇશ્વરની પૂર્ણસમય માટે સેવા કરીએ છીએ! નહેમ્યાહ બાઈબલ કોલેજ માટે ઇશ્વરનો ઘણો આભાર!!



બીજુ, તમે અમારા મૂળભુત બાઈબલ પત્રવ્યવહાર અભ્યાસક્રમો, જે બાઈબલકોર કહેવાય છે, તેને જાણો છો. અમે વર્ષ ૧૯૮૦થી એક અદ્‌ભુત અભ્યાસક્રમ પુસ્તિકાનો ઉપયોગ કરીએ છીએ જેને **“નવુ જીવન-તમારા માટે”** (New Life-For You) કહેવામાં આવે છે અને જે ત્રણ ભાષાઓ, અંગ્રેજી, તામિલ અને હિન્દીમાં છે. આ અભ્યાસક્રમ મારફત ભારતમાંથી અને પાડોશી દેશોમાંથી હજારો લોકો આશીર્વાદ પામ્યા છે. સફળ ઉમેદવારોને અમે એક પ્રમાણપત્ર આપીએ છીએ. સંપ્રદાયની લાગણીઓ અને વચને ધ્યાનમાં લીધાં વિના હજારો ઉમેદવારો આ અભ્યાસક્રમાંથી પસાર થયા છે. અમે અહીં એક પત્ર પ્રકાશિત કરીએ છીએ કોઈ પણ કાટછાટ વગર, જે અમને અમારી એક વિદ્યાર્થીની, બહેન અન્નપૂર્ણા, જે આંધ્રપ્રદેશ, દક્ષિણ ભારતની છે, તેણીની તરફથી મળ્યો છે.

ખ્રિસ્તમાં વહાલા ભાઈ,

પ્રભુ ઇસુ ખ્રિસ્તના નામમાં શુભેચ્છાઓ. હું એમ. અન્નપૂર્ણા છું. મને “બાઈબલકોર”, “ન્યુ લાઈફ ફોર યુ” પુસ્તક મળ્યું છે. આ અભ્યાસક્રમ પ્રાપ્ત કરવાને લીધે મને ઘણો આનંદ થયો છે. તે ઘણો ઉપયોગી હતો અને શબ્દો અને વાક્યો જે આ પુસ્તકમાં છે તે સમજવા માટે અને પવિત્રશાસ્ત્રના વચનો શીખવા માટે ઘણા સહેલા અને સરળ છે.

હું આ અભ્યાસક્રમ કરતી વખતે ઘણી ખુશ છું. હું સમજી શકી કે ખરા ખ્રિસ્તીએ કેવી રીતે વર્તવું જોઈએ. મેં તે સત્યો મારા મગજમાં રાખ્યા છે દરેક સમયે તેને અનુસરવા. મેં આ અભ્યાસક્રમ ઘણા આનંદ સાથે પૂર્ણ કર્યો છે. હું આ પત્ર સાથે ઉત્તર પત્રિકાઓ મોકલી રહી છું. આ પવિત્રશાસ્ત્રનો અભ્યાસક્રમ કરતા હું ઘણી આશીર્વાદિત અનુભવી રહી છું. આ અભ્યાસક્રમ મોકલવા બદ્દલ તમારો ઘણો આભાર.



મને તમારા પત્રો મળ્યા છે, “પ્રોમિસ કાર્ડ” અને “બાઇબલ રીડીંગ પ્લાન” (૨૦૨૦) સાથે. હું આ સાથે રૂ.૨૦૦/- નો મનીઓર્ડર મોકલી રહી છું. કૃપા તેનો સ્વીકાર કરશો.

મારા માટે અને મારા કુટુંબ માટેની તમારી નાતાલ અને નવા વર્ષની શુભેચ્છાઓ માટે તમારો આભાર. તમારી પ્રાર્થનાઓ માટે આભાર. તમને અને તમારા કુટુંબને હું નાતાલ તથા નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવું છું. ઇશ્વર તમને, તમારા કુટુંબને અને તમારી મિનિસ્ટ્રીને પુષ્કળતાથી સર્વ રીતે આશીર્વાદિત કરે.

ફરી એકવાર નાતાલ તથા નવા વર્ષની શુભેચ્છાઓ. મારા લગ્ન માટે પ્રાર્થના કરશો કે મને સારો જીવનસાથી મળે.

અમે પણ તમારા માટે અને તમારી મિનિસ્ટ્રી માટે પ્રાર્થના કરશું. અમે તમને પ્રેમ કરીએ છીએ અને તમારો આભાર માનીએ છીએ.

**એમ. અન્નપૂર્ણા**

ત્રીજુ અમે કેરલા રાજ્ય જે દક્ષિણ ભારતનો ભાગ છે, ત્યાંના એક વડિલ છાત્ર, ભાઈ મોહનદાસ બાસેલનો પરિચય આપીએ છીએ, જેમણે નહેમ્યાહ બાઈબલ કોલેજના ઇશ્વરવિદ્યા પત્રવ્યવહાર અભ્યાસક્રમનો અભ્યાસ કર્યો હતો. અમે તેમનો પત્ર જે અમને હાલમાં મળયો હતો, તે રજુ કરીએ છીએઃ

નહેમ્યાહ બાઈબલ કોલેજનો ઇશ્વરવિદ્યાનો પત્રવ્યવહાર અભ્યાસક્રમ, જે “ઇકો ઓફ હીજ કોલ” મિનિસ્ટ્રી, ચેન્નાઈ દ્વારા ચલાવવામાં આવે છે, તેમાં હું જોડાયો હતો. ખરેખર તે તો મારા હૃદયમાં ચિનગારી સમાન હતો. આ અભ્યાસક્રમના અભ્યાસ મારફત, હું પવિત્રશાસ્ત્ર વધારે ને વધારે શીખવા માંગું છું. છઠા પાઠ પુસ્તક મારફત, મને ઘણા નવા પ્રકટીકરણો અને પવિત્રશાસ્ત્રની સમજણો મળી. તે દ્વારા મને ખરો માર્ગ મળ્યો અને મને નવું જીવન આપ્યું. ખાસ કરીને આ અભ્યાસક્રમે મને ઇશ્વરવિદ્યામાં સારૂં માર્ગદર્શન આપ્યું, મારા પહેલાના તેના પરના જ્ઞાન કરતા.



ચર્ચ વિશેના છેલ્લા સાત પાઠ પુસ્તકોએ, અર્થઘટન અને ઉપદેશો વિશે મને ઘણી સમજણ આપી. તેથી પ્રભુમાં ઉચ્ચ સ્તુતિ કરૂ છું અને ઇકો ઓફ હીજ મિનિસ્ટ્રી અને નહેમ્યાહ બાઈબલ કોલેજનાં ઇશ્વરવિદ્યાના અભ્યાસક્રમ માટે તેમનો આભાર માનું છું. આ અભ્યાસક્રમે મને ઇશ્વરના વચનો ખરી રીતે આપ્યા અને મારા જીવનમાં ખરો પથ બતાવ્યો.

ખાસ કરીને આ મિનિસ્ટ્રીનાં સંચાલક, પાળક એસ. સામ સેલ્વરાજે મને ઘણી મદદ કરી અને મારો ઉત્સાહ વધાર્યો અને જ્યારે મેં આ મિનિસ્ટ્રીની ડિસેમ્બર ૨૦૧૯માં મુલાકાત લીધી ત્યારે તેમની જીવનશૈલી મારફત મને જોવા મળ્યું કે મંડળીમાં ખરો આગેવાન કોણ છે. આ સમય દરમિયાન, મારૂં સ્વપ્ન સાચું થયું અને મારા આત્માએ આનંદ કર્યો અને ઇશ્વરના હલવાન સમક્ષ હાલેલૂયા ઊચાર્યુ. પાળક સામે મને સર્વ પ્રકારની ભજનસેવાઓમાં, આગેવાનીઓમાં જોડાવા પરવાનગી આપી અને તેમના પ્રેમ અને આત્મિયતા મારફત મને ઉત્સાહિત કર્યો. ઇશ્વરના રાજ્યને વધારવામાં તેઓ અદ્‌ભૂત સેવા આપે છે. તેમની ઇશ્વર માટેની અદભૂત વચનબધ્ધતાને અને વિશ્વાસી સેવાઓના અમલને હું કેવી રીતે વર્ણવી શકું. મારી મુલાકાતે મને વધુ ને વધુ બળ અને સમજણ આપ્યા. તેમના રાજ્યને વધારવામાં ઇકો ઓફ હીજ કોલ

મિનિસ્ટ્રી અને પાળક એસ. સામ સેલ્વરાજ ઉત્તમ ઉદાહરણો છે.

હું પાળક એસ. સામ સેલ્વરાજ અને તેમની ટીમને શુભેચ્છા આપુ છું અને તેમના ૫૨ અને તેમના મિશન ૫૨, જેમાં ઉચ્ચ માધ્યમિક શાળા, બાઈબલ કોલેજો, વગેરેનો સમાવેશ છે, ઇશ્વરના સર્વ પ્રકારના આશીર્વાદો માટે ઇશ્વરને પ્રાર્થના કરૂં છું.

ઘણા પ્રેમ અને પ્રાર્થનાઓ સહિત

**મોહનદાસ બાસેલ પી.**

તારીખ ૨૫ મી જાન્યુઆરી ૨૦૨૦ના રોજ ઇશ્વરે અમને સહાય કરી કે મુખ્ય ચર્ચના અમે સર્વ સભ્યો પડાપ્પાઈ નામને સ્થળે જઇ શક્યા અને મુલાકાતમંડપનાં ઉત્સવની ઉજવણી કરી શક્યા.

વહાલાઓ આ લાંબી સંપાદકીય કટાર વાંચવા બદ્દલ તમારો આભાર. ઇશ્વર અમને આશીર્વાદ આપી રહયા છે. અને અવર્ણનીય રીતે અમારો ઉપયોગ કરી રહયા છે મહેરબાની કરીને અમારા સર્વ સહકારીઓ, સહસંપાદકો, પ્રાર્થના ભાગીદારો, જીવન ભાગીદારો, વિશ્વાસના ભાગીદારો, લવાજમ ભાગીદારો, મહાન આદેશના ભાગીદારો, પાળકો, મિશનરીઓ, શાળા કર્મચારીવર્ગ સભ્યો, અમારી બાઈબલ કોલેજોના કર્મચારીવર્ગ સભ્યો, કાર્યાલય કર્મચારીવર્ગ, છાપખાનાના પરિવાર સભ્યો, વગેરે માટે પ્રાર્થના કરશો, જેઓ **ઇકો ઓફ હીજ કોલની** આ ૫૧મા વર્ષની મિનિસ્ટ્રીમાં સર્વ પ્રવૃત્તિઓ અમારી સાથે તેમના ખભે ઊંચકી રહયા છે.

અમે ૧મે ૨૦૨૦ના રોજને પ્રાર્થના દિવસ મનાવવા નક્કી કર્યો છે, ખાસ કરીને **ઇકો ઓફ હીજ કોલ** મિનિસ્ટ્રીજ માટે અને તેના દુનિયાભરના સહકારીઓ માટે. તે દિવસે અમે ખાસ સંમેલન ચૈનાઈ, ભારતના, અમારા મુખ્ય ચર્ચમાં સવારે ૧૦ વાગેથી સાંજે ૫ વાગે સુધી રાખ્યું છે. અને અમે અમારા દુનિયાભરના સર્વ સહકારીઓ અને મિત્રોને વિનંતી કરીએ છીએ કે તે દિવસને **ઇકો ઓફ હીજ કોલ** મિનિસ્ટ્રીજ અને તેવી અન્ય મિનિસ્ટ્રીજ માટે પ્રાર્થના દિવસ તરીકે મનાવે. અમે જરૂરીયાત મિત્રો, સંગઠનો અને મંડળીઓને પ્રાર્થના મુદ્દાઓ મોકલીશું.

**ઇશ્વર તમને આશીર્વાદ આપો,**

ઇશ્વર ખ્રિસ્તમાં તમારો સેવક

**એસ. સામ સેલ્વરાજ**

---

(પાન ૧થી આગળ)

અલબત્ત, આનો અર્થ એ નથી કે કોઈ ચર્ચ મોટેથી સ્તુતિ અથવા ઉત્સાહપૂર્વકની ભજનસેવા કરી શકતું નથી. એથી ઉલટું, હું માનું છું કે તે બાબતો ઘણીવાર બાકીના લોકોને વિસામાનું કારણ હોય. જ્યાં ઇશ્રરની હાજરી હશે એવું ચર્ચ/મંડળી વધુ ટકશે, આગળ વધશે અને ઘણા આત્મવિશ્વાસ સાથે ઇશ્વરની આગળ દરેક સમયે ભજન કરશે.

તે જ બાબત દરેક ખ્રિસ્તી માટે ખરી છે. જો તમારા જીવનમાં ઇસુની હાજરી હશે, તો તમે ઇશ્રરનો દૈવી આદેશ અનુભવી શકશો. કોઈ પણ જાતની ઉત્તેજના અથવા ચિંતા વગર તમને શાંતી અને સ્થિરતા હશે, માર્ગદર્શન માટે ક્યાં પણ દોડવુ નહિ પડે, કોઈ ફિકર નહિ કે તળિયે પડી રહ્યા છો. તમે શાંતીથી રહેશો, એમ જાણીને કે બધું ઇશ્વરના નિયંત્રણમાં છે!

જૂના કરારના આ આશીર્વાદના ઉદાહરણોને ધ્યાનમાં લો જેમાં ઇશ્વરની હાજરી તેમના અનુસરનારાઓનાં જીવનોમાં લાવવામાં આવી:

ઇશ્વરની હાજરી **ઇબ્રાહિમના** જીવનમાં એટલી સ્પષ્ટ હતી કે તેની આસપાસના મૂર્તિપૂજક લોકો પણ તેમના જીવનો અને તેના જીવન વચ્ચેનો ફરક ઓળખી શક્યાઃ "**...**અલીમેલેખે ઇબ્રાહિમને કહ્યું, જે સર્વ તું કરે છે તેમાં દેવ તારી સાથે છે." (ઉત્પત્તિ ૨૧:૨૨). આ મૂર્તિપૂજક રાજા કહેતો હતો, "ઇબ્રાહિમ, ત્યાં તારી બાબતમાં કંઈક જુદુ છે. ઇશ્વર તને દોરે છે, તને સંભાળે છે. અને જ્યાં કંઈ તું જાય ત્યાં તને આશીર્વાદ આપે છે!"

ઇશ્વરે **યહોશુઆને** વચન આપ્યું હતું કે જ્યારે ઇશ્વરની હાજરી તેની સાથે હશે ત્યારે કોઈ પણ શત્રુ તેની સામે ટકી શકશે નહિ. "તારા આયુષ્યના સર્વ દિવસભર તારી આગળ કોઈ માણસ ટકી શકશે નહિ; જેમ મૂસાની સાથે હું રહ્યો હતો, તેમ તારી સાથે પણ હું રહીશ; હું તને તજીશ નહિ; ને તને મૂકી દઈશ નહિ. બળવાન તથા હિમ્મતવાન થા; કેમ કે આ લોકોને જે દેશ આપવાને મેં તેઓના પૂર્વજોની આગળ સમ ખાધા હતા, તેનું વતન તું તેઓને પ્રાપ્ત કરાવશે." (યહોશુઆ ૧:૫,૬). જ્યારે ઇશ્વરનો આત્મા આપણી સાથે હાજર હોય છે, ત્યારે આપણે સામર્થ્યવાન અને હિંમ્મતવાન બની શકીએ છીએ- કારણ કે કોઈ પણ શત્રુ આપણને નુકસાન કરી શકે નહિ!

ઇશ્વરે **ગિદયોનને** કહ્યું. "પરાક્રમી શૂરવીર, યહોવા તારી સાથે છે...તું તારા આ બળમાં ચાલ્યો જ, ને મિદ્યાનીઓના હાથમાંથી ઇસ્રાએલને બચાવ.." (ન્યાયધીશો ૬:૧૨,૧૪). શબ્દ "તારા બળ" ને નિર્દેશ કરે છે પાછલા વચન તરફ-કે "યહોવા તારી સાથે છે." તમે જુઓ છો કે ઇશ્વર શું કહેવા માંગે છે? "ગિદયોન,... તું તારા બળમાં એટલો શક્તિશાળી હોય કે તું ઇસ્રાએલને બચાવી શકે. અને તે બળમાં મારી હાજરી છે!" પવિત્રશાસ્ત્ર ગિદયોનને ડરપોક બતાવે છે. તો પછી ઇશ્વર તેને કેમ "પરાક્રમી શૂરવીર માણસ" કહે છે? તેનું કારણ છે કે તેઓ ગિદયોનને સાબીત કરવા માગતા હતા કે જ્યારે યહોવા દેવની હાજરી સાથે હોય તો કોઈ પણ વ્યક્તિ શું કરી શકે?

ઇશ્વરે **યર્મિયાને** ચેતવણી આપેલી કે આખો દેશ તેની વિરૂદ્ધ થશે અને તેની ભવિષ્યવાણીનો નકાર કરશે. તો પણ ઇશ્વરે ખાતરી આપી હતી, "તેઓ તારી સામે લડશે, પણ તને જીતશે નહિ; કેમ કે તને બચાવવા તથા તને છોડાવવા સારૂં હું તારી સાથે છું..." (યર્મિયા ૧૫:૨૦) ઇશ્વર કહેતા હતા, "કશો વાંધો નહિ જો કે આખો દેશ તારી વિરૂધ્ધ થાય, યર્મિયા. જે મહત્વનું છે તે છે કે મારી હાજરી તારી સાથે છે. વિશ્વાસુ થા હું તારી સાથે છું."

ઇશ્વરે **યશાયાને** ખાસ ખાતરી વિશે કહયું હતું કે જેને તેઓ પ્રેમ કરે છે તેને માટે તે કરે છેઃ "બીશ મા, કેમ કે મેં તારો ઉધ્ધાર કર્યો છે. મેં તારૂં નામ લઈને તને બોલાવ્યો છે, તું મારો છે. તું પાણીઓમાં થઈને જઈશ, ત્યારે હું તારી સાથે હોઇશ; તું નદીઓમાં થઈને જઇશ, ત્યારે તેઓ તને ડુબાડશે નહિ; તું

**અમારી બેન્ક ખાતાની જાણકારી નીચે મુજબ છે મહેરબાની કરીને તમારા રકમની વિગતો અમને જણાવો.**

**The details of our Bank Accounts are given below. Please inform us the details of your remittances.**

| Bank | Branch | Name | IFSC Code No. | Account Number |
|---|---|---|---|---|
| 1. STATE BANK OF INDIA | Triplicane, Chennai -5 | S. Sam Selva Raj | SBIN 0000249 | 102329 34679 |
| 2. ICICI BANK | Anna Salai, Chennai -2 | Echo of His Call | ICIC 0006038 | 6038 05022319 |

GREAT COMMISSION PARTNERS
ECHO OF HIS CALL MINISTRIES
SINCE 1969

# મહાન આદેશના ભાગીદારો

વંહેચવું (ગલાતીઓને પત્ર 6:૨), મદદ કરવી (રોમનોને પત્ર૧૨:૧૩), અને ઝડપ કરવી (૨ તિમોથીને પત્ર ૧:૬)

**સ્તુતિ અને પ્રાર્થનાની વિનંતીઓ / મુદ્દાઓ- ૧૯ માર્ચ ૨૦૨૦ થી ૧૮ એપ્રિલ ૨૦૨૦ સુધી**

(મેહરબાની કરીને આ પાન કાઢો, તેને વાળો અને તે તમારા બાઈબલમાં મૂકો અને નિરંતર પ્રાર્થના કરો)

## ઈશ્વર કાર્ય કરે છે. સ્તુતિનાં મુદ્દાઓ / વિનંતિઓ

૧૯ માર્ચ : ૨૮મી જાન્યુઆરીએ અમારી **સેન્ટ પોલ મેટ્રીક્યુલેશન શાળામાં** ભરાયેલા અમારા રમતગમત દિવસના સમારોહને ઇશ્વરે આશીર્વાદિત કર્યો છે.

૨૦ માર્ચ : ૧ ફેબ્રુઆરીએ અમારી **સેન્ટ પોલ મેટ્રીક્યુલેશન શાળામા** ભરાયેલા અમારા વાર્ષિક દિવસના સમારોહને ઇશ્રરે આશીર્વાદિત કર્યો છે.

૨૧ માર્ચ : ઇશ્વરે અમારૂં સુવાર્તા સાહિત્ય જે ૧૬ ભાષાઓમાં અમારા છાપખાનામાં છપાય છે અને મિશન વિસ્તારોમાં મોકલાય છે, તેને આશીર્વાદિત કર્યુ છે.

૨૨ માર્ચ : અમારી **દુનિયાની જાગૃતિ માટેની ૧૦૦ પ્રાર્થના યોધ્ધાઓની** મિનિસ્ટ્રીને ઇશ્વર આશીર્વાદ આપી રહ્યા છે.

૨૩ માર્ચ : અમારા રાજ્ય સહસંયોજકો માટે આવો ઇશ્વરની સ્તુતિ કરીએ.

૨૪ માર્ચ : અમારા મુખ્ય ચર્ચની મહિલાઓની સંગતને ઇશ્વરે આશીર્વાદિત કરી છે.

૨૫ માર્ચ : અમારા બાઈબલકોર-મુળભુત પત્રવ્યવહાર અભ્યાસક્રમ અને ઇશ્વરવિદ્યાના પત્રવ્યવહાર અભ્યાસક્રમને માટે આવો ઇશ્વરની સ્તુતિ કરીએ.

૨૬ માર્ચ : આપણા વડિલ પાળક **એમ. સામ સેલ્વરાજ** અને તેમની ટીમની મુસાફરીઓને ઇશ્વરે આશીર્વાદિત કરી છે.

૨૭ માર્ચ : અમારા **નહેમ્યાહ બાઈબલ કોલેજોના** અસરકારક વ્યાખ્યાનોને ઇશ્વરે આશીર્વાદિત કર્યા છે.

૨૮ માર્ચ : ઇશ્વરે અમને સારા કાર્યાલય સહકર્મચારી વર્ગ સાથે આશીર્વાદિત કર્યા છે.

૨૯ માર્ચ : અમારા મુખ્ય ચર્ચમાં ઇશ્વર વધુ પ્રાર્થના યોધ્ધાઓ પૂરા પાડે.

૩૦ માર્ચ : અમારા સમર્થકોની પ્રાર્થનાઓ અને સહાયને માટે આવો ઇશ્વરની સ્તુતિ કરીએ.

૩૧ માર્ચ : અમારા શાખા ચર્ચોને અને વિશ્વાસીઓને ઇશ્વરે આશીર્વાદિત કર્યા છે.

૦૧ એપ્રિલ : પાછલા મહિનાની **ઇકો ઓફ હીઝ કોલ** ચર્ચોની સર્વ પ્રવૃતિઓને ઇશ્વરે આશીર્વાદિત કરી છે.

૦૨ એપ્રિલ : અમારા મુખ્ય ચર્ચમાં અને શાખા ચર્ચોમાં વધુ આત્માઓ ઉમેરાયા છે.

૦૩ એપ્રિલ : આપણા ઇશ્વર આપણા વડિલ પાળક એસ. સામ સેલ્વરાજ અને તેમના કુટુંબના સભ્યોને સર્વ દુષ્ટ પરિબળોથી રક્ષણ આપે છે.

## પ્રાર્થનાનાં મુદ્દાઓ / વિનંતિઓ

૦૪ એપ્રિલ : આ મહિનાની **ઇકો ઓફ હીઝ કોલ મિનિસ્ટ્રીજની** સર્વ નાણાકીય જરૂરીયાતો પૂરી પાડવા આવો ઇશ્વરને પ્રાર્થના કરીએ.

૦૫ એપ્રિલ : જે સર્વ વિદ્યાર્થીઓ સરકારી પરીક્ષાઓમાં હાજર થનાર છે તેઓને માટે આવો પ્રાર્થના કરીએ.

૦૬ એપ્રિલ : અમારા ભુતપૂર્વ વિદ્યાર્થીઓની સભા જે ૧ મે ૨૦૨૦ના રોજ થનાર છે, તેને માટે આવો પ્રાર્થના કરીએ.

૦૭ એપ્રિલ : કોરોના વાયરસની ચીનમાંથી અને સર્વ અસરગ્રસ્ત દેશોમાંથી સંપૂર્ણ નાબૂદી માટે હૃદયપૂર્વક પ્રાર્થના કરીએ.

૦૮ એપ્રિલ : અમારો **નહેમ્યાહ બાઈબલ કોલેજનો પદવીદાન સમારોહ** જે ૧૩ જૂન ૨૦૨૦ના રોજ થનાર છે તેને માટે આવો પ્રાર્થના કરીએ.

૦૯ એપ્રિલ : ઇશ્વર નહેમ્યાહ બાઈબલ કોલેજો માટે વર્ષ ૨૦૨૦-૨૦૨૧માં પૂરતા વિદ્યાર્થીઓ પૂરા પાડે.

૧૦ એપ્રિલ : અમારા મુખ્ય ચર્ચમાં અને શાખા ચર્ચમાં થનાર શુભ શુક્રવારની અને ઇસ્ટરની ભજનસેવા માટે આવો ઇશ્વરને પ્રાર્થના કરીએ.

૧૧ એપ્રિલ : સર્વ શાળાના બાળકો માટે આવો પ્રાર્થના કરીએ. ઇશ્વર તેમને જરૂરી સંરક્ષણ પુરૂ પાડે.

૧૨ એપ્રિલ : **ઇકો ઓફ હીઝ કોલના મુખ્ય ચર્ચમાં** દર રવિવારે ભરાતી સાત ભજનસેવાઓ માટે આવો ઇશ્વરને પ્રાર્થના કરીએ.

૧૩ એપ્રિલ : દુનિયાભરના કેદીઓના તારણ માટે આવો પ્રાર્થના કરીએ.

૧૪ એપ્રિલ : **ઇકો ઓફ હીજ કોલના** મુખ્ય કાર્યાલય વિસ્તારની આસપાસ રહેતા લોકોના તારણ માટે આવો પ્રાર્થના કરીએ.

૧૫ એપ્રિલ : અમારા ઉર્દુ સહસંપાદક ભાઈ સૂરજકુમાર ચંદાનીની સારી તંદુરસ્તી માટે અને તેના કુટુંબના સભ્યો માટે આવો પ્રાર્થના કરીએ.

૧૬ એપ્રિલ : સર્વ દેશોના સૂરક્ષિત શાસન માટે અને સરહદની સુરક્ષા માટે પ્રાર્થના કરીએ.

૧૭ એપ્રિલ : સર્વ ભારતીય આગેવાનો, રાષ્ટ્રપતિ, વડાપ્રધાન, રાજ્યપાલો, મુખ્ય પ્રધાનો અને સરકારી અમલદારો માટે પ્રાર્થના કરીએ.

૧૮ એપ્રિલ : દુનિયાની શાંતી માટે આવો પ્રાર્થના કરીએ.

(પાન૪ થી આગળ...)

અગ્નિમાં ચાલીશ, ત્યારે તને આંચ લાગશે નહિ; અને જ્વાળા તને બાળશે નહિ; કેમ કે હું યહોવા તારો દેવ છું, મેં તારા પર પ્રીતિ કરી છે;... તુ બીશ માઃ કેમ કે હું તારી સાથે છું..." (યશાયા ૪૩:૧-૫).

ઇશ્વર કહેતા હતા, "મારી હાજરી તારી સાથે કાયમ રહેશે તેથી તું પાણીમાં અથવા અગ્નિમાં થઈને જઇશ અને બચવા પામીશ. તો પણ તું ફકત બચીશ નહિ. તું આશીર્વાદ પણ પામીશ અને સર્વમાં પસંદગી પામીશ કેમ કે મારી હાજરી તારી સાથે છે!"

જૂના કરારનાં આ ફકરાઓ ફક્ત નિર્જીવ-પત્ર વાર્તાઓ નથી. તેઓ ઇશ્વરની હાજરીને આપણા જીવનમાં ઉત્સાહિત અને પ્રોત્સાહિત કરવા માટે છે. આપણે ઇશ્વરનો આભાર માનીએ જે તેમણે તેમની હાજરીથી ઇબ્રાહિમ, યહોશુઆ, ગિદયોન, યર્મિયા અને સર્વ ઇસ્ત્રાએલ માટે કર્યુ. તો પણ આપણા દરેક જણ પાસે સામર્થ્યવાન સાક્ષી છે કે ઇશ્વરની હાજરીએ આપણા માટે શું કર્યુ-આપણા જીવનોને દોરતા, દ્વારો ઉઘાડતા પદાર્થો ચલાવતા, હૃદયો પીગળાવતા અને આપણને હિંમતવાન કરતા.

મેં આ સિધ્ધ થતું સત્ય મારા જીવનમાં જોયું છે. તમે કદાચ કહો, "તમે ફકત બડાઈ મારો છો!" ના-હકીકત એ છે, મારી પોતાની રીતે હોવા છતાં ઇશ્વરની હાજરી મારી સાથે છે!

જ્યારે અમે અમારૂ ચર્ચ ૧૦ વર્ષો અગાઊ શરૂ કર્યુ હતું, અમે જે કર્યુ તેને લીધે ખ્રિસ્તની હાજરી બહાર આવી. મને યાદ છે એક પ્રખ્યાત બ્રોડવે નિર્માતાનાં કાર્યાલયમાં અમે ગયા હતા એક નાટ્યગૃહ શોધવા જેનો ઉપયોગ અમે ચર્ચ તરીકે કરી શકીએ. આ માણસનાં સચીવોએ અને કર્મચારીવર્ગે મારી ઠેકડી ઊડાડી હતી, તેમના શબ્દો અને વર્તણુકે મને ખાતરી કરાવી હતી, એક હલકા સેવકની કે મને મુલાકાત મળી શકશે નહિ. અલબત, મેં વિચાર્યુ મને કદાચ ધક્કા મારીને કાઢી નાખવામાં આવશે. પણ, તે વખતે તે નિર્માતા તેના કાર્યાલયમાંથી બહાર આવ્યા અને તેણે મને જોયો, મને અંદર બોલાવ્યો!

ઘણા અઠવાડિયા સુધી, તે નિર્માતા અને હું, એકબીજાને મળતા રહયા. તે સમયે તે તેની મેજની તરફથી મારી બાજુ જોતો અને કહેતો, "મને સમજાતું નથી હું કેમ તમારી સાથે મારો સમય વેડફી રહયો છું. મારો કાર્યક્રમ ભરચક છે." પણ જ્યારે પણ હું તેના કાર્યાલયમાં જતો, તેનો સચીવ મને બીજા મુલાકાતીઓ કરતા આગળ જવા દેતો એમ કહીને કે, "અંદર જાવ, રેવરંડ-તેઓ તમારી રાહ જોઇ રહ્યા છે."

અંતે, તે માણસે તેનું મુખ્ય નાટ્યગૃહ અમને વેંચી દિધું જેથી અમે તેનો ઉપયોગ ચર્ચ માટે કરી શકીએ. તે તેનાં વેચાણના દસ્તાવેજો પર સહી કરી રહયો હતો ત્યારે પણ, તે કહેતો હતો, "મને ખબર નથી હું આ કેમ કરી રહયો છું?" તે તો ફક્ત ઇશ્વરની હાજરી હતી જેને કારણે તે તે મકાન અમને વેચવા તૈયાર થયો હતો.

મેં જોયું કે ઇશ્વર બીજા લોકોના હૃદયો પણ બદલી નાખે છે. અમારી બાજુમાં જેની માલિકીનું મકાન હતું, તેણે તેની સાથે જોડાયેલા મકાનને અમને વેચવાનો નકાર કર્યો હતો. પણ સમય જતા તે મારા મિત્ર બન્યા અને આખરે તેમણે તે મકાન અમને વેચ્યું. તે બધી વખતે, તેઓ મને કહેતા, "ત્યાં ઉપર કોઈ છે જે તમારા માટે કામ કરે છે."

આ ઇશ્વરની હાજરીનું સામર્થ્ય છે. અને દરેક ખ્રિસ્તી આજ રીતે સાક્ષી આપી શકે: "મારી સાથેની ઇશ્વરની હાજરીએ મોટી બાબતો કરી છે!"

**આપણા જીવનોમાં ઇશ્વરની હાજરી મેળવવાં અને જાળવવા માટે એક શરત જોડાયેલી છે.**

આપણા જીવનોમાં તેમની હાજરી માટે ઇશ્વર એક શરત જોડે છે. આ શરત ૨ કાળવૃતાંત ૧૫માં જોવા મળે છે. તેના પાછલા અધ્યાયમાં આસા રાજાને યહુદિયાના સૈન્યને કૂશીઓના દસ લાખના સૈન્ય પર મોઠા વિજયમાં દોરતા જોઈએ છીએ. તો પણ આસા સાક્ષી આપે છે કે તે તો ઇશ્વરની હાજરી હતી જેણે દુશ્મનને વેરનિખેર કરી નાખ્યા હતા.

"આસાએ પોતાના દેવ યહોવાને વિનંતી કરી કે, હે યહોવા, બળવાનની વિરૂદ્ધ નિર્બળને સહાય તરનાર, તારા સિવાય બીજો કોઈ નથીઃ હે યહોવા અમારા દેવ, અમને સહાય કર, અમે તારા પર ભરોસો રાખીએ છીએ, તારે નામે અમે આ મોટા સૈન્યની સામે આવ્યા છીએ... એથી આસાને તથા યહૂદાને હાથે યહોવાએ કૂશીઓને હાર ખવાડી..." (૨ કાળવૃત્તાંત ૧૪:૧૧-૧૨).

જ્યારે આસા અને તેનું સૈન્ય વિજયી સરઘસને કુચ કરતા યરૂશાલેમ ભણી પાછું દોરતું હતું, ત્યારે અઝાર્યા નામનો પ્રબોધક તેમને ઇશ્વરના આ સંદેશા સાથે શહેરના નાકા આગળ મળ્યો. "...આસા, અને સર્વ યહૂદા તથા બિન્યામીન, મારૂં સાંભળો; જ્યાં સુધી તમે યહોવાના પક્ષમાં રહેશો ત્યાં સુધી તે તમારી સાથે રહેશે; જો તમે તેને શોધશો, તો તે તમને મળશે; પણ જો તમે તેને તજશો, તો તે તમને તજી દેશે. હવે લાંબી મુદત સુધી ઇસ્ત્રાએલીઓ ખરા દેવને ભજતા નહોતા.. પણ જ્યારે તેઓએ સંકટને સમયે પસ્તાવો કરીને ઇસ્ત્રાએલના દેવ યહોવાની શોધ કરી ત્યારે તે તેઓને મળ્યો." (૨કાળવૃત્તાંત ૧૫:૨-૪)

અહીં એક રહસ્ય છે તમારા જીવનમાં ઇશ્વરની હાજરી મેળવવાની અને જાળવવાની. આસાને યહોવા દેવે યાદ કરાવ્યું, કંઇ પણ ન છુપાવતા, સીધેસીધુ. "આસા, ક્યારે પણ ભુલીશ નહિ આ વિજય તે કેવી રીતે મેળવ્યો, જ્યારે તું મુશ્કેલીમાં હતો ત્યારે તારા સંપૂર્ણ હૃદયથી મને તે શોધ્યો, મારી ભણી પૂર્ણ રીતે ફરીને-અને મેં મારી હાજરી/સમક્ષતા તારી પાસે મોકલી. તે તો મારી હાજરી હતી જેણે દુશ્મનોને ભગાડી દિધા!"

હવે અઝાર્યા આસાને કહેતો હતો. "શું તું જાણે છે તું સત્તામાં આવ્યા પહેલા રાજ્ય કેવું હતું? ચારે તરફ અરાજકતા હતી, કોઈ કાયદો ન હતો, કોઈ દોરવણી ન હતી, કોઈ ન્યાયી શિક્ષણ ન હતું. પ્રત્યેક માણસ પોતપોતાની નજરમાં જે સારૂં લાગતું તે કરતો."

ઘણા ખ્રિસ્તી ઘરોનુ આજે આ એક સચોટ ચિત્ર છે. દરેક બાબત નિયમબાહ્ય છે, કોઈ પણ અધિકાર, શાંતી કે વિસામા વગર. દરેક જણ તેને કે તેણીને પસંદ હોય તે કરે છે. ઘણા આવા કુટુંબો દુઃખદરીતે અકાર્યશીલ, અવ્યવસ્થિત બન્યા છે.

તો પણ તે હજુ સુધી આ રીતે હોવું જોઈએ નહિ. કોઈ પણ ખ્રિસ્તી ઘર અકાર્યશીલ રહેવું ન જોઈએ. ઇશ્વરના વચનો બદલાતા નથી અને તેમના વચનો ખાતરી આપે છે, "તારી બાકીની જીંદગી સુધી-જ્યાં સુધી તું મને શોધીશ-હું તારી સાથે રહીશ. જ્યારે પણ તું મને પોકારીશ, હું હમેશાં તમે મળી શકીશ!"

આ કોઈ અટપટું શાસ્ત્ર નથી, સરળતાથી મુકતા, જો બન્ને પતિ અને પત્નિ-અથવા કોઈપણ એક ઇશ્વરને શોધશે, તો તેમના ઘરને કોઈ મુશ્કેલી થશે નહિ અથવા "નિયમ વગર" કોઇને પણ ઇશ્વરની કાયમી હાજરી મળી શકે છે, જો તે કે તેણી ફકત તેમને શોધશે તો.

**"યહોવા દેવ.... તમને મળી જશે..."** (૨ કાળવૃત્તાંત ૧૫:૨). "મળશે" માટે અહીં હિબ્રુ શબ્દ છે "માત્સા", જેનો અર્થ છે, "તેમની હાજરી આગળ આવશે, સક્ષમ કરવા, આશીર્વાદ આપવા." ટુંકમાં, આ વચન આપણને કહે છે," "યહોવા દેવને તારા પૂર્ણ હૃદયથી શોધ, અને તેઓ તેમની સમક્ષતા સાથે તારી પાસે આવશે. ખરેખર, તેમની હાજરી તો એક સામર્થ્યવાન શક્તિ હશે જે તમારા જીવનમાંથી બહાર આવશે!"

**પવિત્રશાસ્ત્રના વચનો પ્રમાણે, આપણી મુખ્ય ચિંતા છે ઇશ્વરને શોધતા રહેવાની, તેમની હાજરી આપણી સાથે રહે તેની ખાતરી કરતા.**

ઇશ્વરે તેમનો કૃપાનો કરાર દરેક વિશ્વાસી સાથે

કર્યો છે. આ કરાર વચનમાં અંકિત થયો છે, જેમ કે, "ઇશ્વરે આપણા બધા અન્યાયો ખ્રિસ્ત પર નાખી દિધા." "ઇસુ આપણા માટે શ્રાપ બન્યા." "તેઓ આપણને ક્યારે પણ છોડી દેશે નહિ કે મુકી દેશે નહિ."

તો પણ ઇશ્વર કેટલાક ખાસ વચનો આપે છે. એવા લોકોને જેઓ તેમના પૂર્ણ હૃદયથી તેમને શોધવાનો સંકલ્પ કરે છે. આવું ખાસ વચન છે ઇશ્વરની હાજરીનો કરાર. તો પણ, આ કરાર કડક શરતી છે. પવિત્રશાસ્ત્ર સ્પષ્ટ કરે છે કે જો આપણે કરારના નિયમોને વળગી રહેશું તો આપણે આપણાં જીવનોમાં ઇશ્વરની હાજરીના અતુલ્ય આશીર્વાદનો આનંદ ઉપભોગશું. અને આ ફકત તારણના મુદ્દાઓ તરફ જ ફકત નિર્દેશ કરતું નથી. તે ઇશ્વરને શોધનારાઓ બદ્દલ પણ બોલે છે કે તેમની અદ્‌ભૂત હાજરી આપણી પર રેડી દેવામાં આવે છે અને તે જોવામાં આવે છે અને તે વિશે બધા જાણે છે.

ઇશ્વરે આ તેમની હાજરીનો કરાર જાહેર કર્યો હતો એક અનામી પ્રબોધક દ્વારા જેણે ઇસ્ત્રાએલના પ્રમુખ યાજક એલીને સંદેશો આપ્યો હતો. તે વખતે, એલી પથારીવશ હતો. યહોવા દેવ તેની સાથે ચેતાવણી આપતા વાત કરતા હતા, પાપ અને સમાધાનની બાબતની છૂટ સામે. પણ એલીએ ઇશ્વરના શબ્દોને પૂર્ણ રીતે અવગણ્યા. અને હવે, આ અનામી પ્રબોધકે એલીને કહ્યું, "આથી દેવ યહોવા કહે છે, તારૂં કુળ તથા તારા બાપનું કુળ મારી સમક્ષ સદા ચાલશે, એમ મેં કહેલું ખરૂં; પણ હવે યહોવા કહે છે કે, એ મારાથી દૂર રહો, કેમ કે જેઓ મને માન આપે છે તેઓને હું પણ માન આપીશ, અને જેઓ મને તુચ્છ ગણે છે તેઓ હલકા ગણાશે."(૧ શમુએલ ૨:૩૦).

શબ્દસમુહ "હલકા ગણાશે" નો અર્થ તો ઇશ્વરની હાજરી લઈ લેવાની સાથે છે. તેનો અર્થ એ નથી કે વ્યક્તિ શાપિત છે, પણ તેને બદલે એ છે કે તેને હવે પોતાના દેહના બળમાં ચાલવું પડશે. ઇશ્વર એલીને કહેતો હતો, "હું તારા ઘરને આશીર્વાદ આપવા, તારા પર મહેરબાની કરવા માગતો હતો. પણ તે મને અપમાનિત કર્યો છે, પાપ પર અને તારી વાસનાઓને છુટ આપતા મને બાજુ પર કર્યો છે. હવે હું મારી હાજરી તારી પાસેથી લઈ લઈશ!"

ઘણા લોકો ખ્રિસ્ત પાસે મોટા પ્રારંભિક છલકતા વિશ્વાસ સાથે આવે છે. તો પણ સમય જતા તેમનો ઉત્સાહ ઓછો થતો જાય છે અને તેઓ ઇશ્વરને અવગણવાની શરૂઆત કરે છે. તેઓ તેમના આદેશોને હળવાશથી લે છે અને તેમના પાપભરેલા માર્ગો તરફ પાછા વળે છે. તો પણ તેઓ માને છે કે ઇશ્વરની હાજરી તેમની સાથે ટકી રહે છે. ના-તે છેતરાવવું ખોટું છે, ભ્રમ છે! પવિત્રશાસ્ત્ર સ્પષ્ટ કહે છેઃ જો તમે તેમને છોડી દેશો તો તેઓ તમને છોડી દેશે!

ઇશ્વરના વચનો ક્યારે પણ નિષ્ફળ જતા નથી. પણ કેટલાક વચનો આ હાજરીના કરારની જેમ ખરેખર શરતી હોય છે. તેઓને આપણા સહકારથી પણ વધુની જરૂર છે. અલબત, ઇશ્વર ક્યારે પણ આપણને છોડી દેશે નહિ. અથવા આપણને પ્રેમ કરવાથી અટકશે નહિ. પણ જો આપણે પાપમાં પડી રહીશું, તે તેમની હાજરી આપણી સાથે રહેશે નહિ-અને આપણા જીવનો તેમના સામર્થ્યવાન હાજરીનું સાધન રહેશે નહિ. આપણે દૈહીક રીતે જીવીશુ-પ્રયત્ન કરતા, તરફડિયાં મારતાં, કોઈ પણ શક્તિ વગર અને દોરવણી વગર.

**ફકત જ્યારે ઇશ્વરની હાજરી આપણી પર રહેશે ત્યારે જ આપણે તેમનું ગૌરવ જોઈશું, દેખીશું અને સમજી શકીશું.**

જ્યારે ઇસ્ત્રાએલ અરણ્યમાં હતો, ત્યારે ઇશ્વરે તેમની હાજરી મેઘસ્તંભ મારફત તેઓ પર પ્રગટ કરી હતી. આ મેઘસ્તંભ તો ઇશ્વરની પ્રતિબદ્ધતા હતી તેમના લોકો સાથે રહેવાની શારીરીક અભિવ્યક્તિ તરીકે. તે નીચે આવતો અને મુલાકાતમંડપને દિવસરાત ઢાંકી રાખતો. અને તે દરેક બાબતમાં તેમનો માર્ગદર્શક બનતો હતો. જ્યારે મેઘસ્તંભ ચાલતો, ત્યારે તેઓ ચાલતા અને જ્યારે તે થોભતો, ત્યારે તેઓ થોભતા. લોકોને કોઈ સમિતિની બેઠક કરાવવી પડતી ન હતી તેમના આગળ જવા બાબત માટે અથવા ભવિષ્ય માટે. તેમણે તે ઇશ્વરની હાજરીના દશ્યમાન મેઘસ્તંભ પર વિશ્વાસ રાખ્યો હતો.

આજે, તેમની હાજરીનો તે જ મેઘસ્તંભ તમારી ખાનગી પ્રાર્થના ઓરડી પર ભમે છે. તે દરરોજ તેની શાંતીમાં તમને રાખવા માટે રાહ જુએ છે. તે તમને દોરશે સામર્થ્ય આપશે અને તમને શાંતી આપશે. અને તે તમને તમારા ઘર, કામ અને સંબંધો માટે સવિસ્તર માર્ગદર્શન આપશે.

તમારી ખાનગી ઓરડી ક્યાંય પણ હોઈ શકે. સ્નાનઘરમાં, તમારી નોકરી પર જવાની બસમાં, તમારી નોકરીમાં કામ કરતી વખતે. તમે દરેક બાબત અટકાવી શકો અને કહો, "ઇશ્વર, મારી પાસે હમણા અડધો કલાક છે. ઇસુ, હું તમને પ્રેમ કરૂં છું અને તમારૂં ભજન કરૂં છું. આ મારો તમારી સાથેનો એકાંત સમય છે."

ઇશ્વર સાથે એકાંતમાં રહેવું તે અદ્‌ભુત બાબત છે, એકધારૂં પ્રાર્થના જીવનને વિકસિત કરતા. ઇશ્વર વચનો આપે છે કે જેમ જેમ તમે શોધનાર, પ્રાર્થનાવાદી સેવક બનો છો, તેમની હાજરી તમારા જીવનમાં આગળ નીકળી આવશે-દ્વારો ખોલતા અને બંધ કરતા અને તેમનો દૈવી આદેશ તમારી આસપાસ કામ કરતા. તો પણ હજી આના કરતા મોટું કંઇક થશેઃ ઇશ્વરની હાજરી તમને તેમના ગૌરવના પ્રગટીકરણમાં દોરી જશે!

અહી ઇશ્વરની હાજરી અને તેમના ગૌરવની વચ્ચે તફાવત છે. મોટા ભાગના ખ્રિસ્તીઓ તેમની હાજરી જાણે છે તેમના જીવનોમાં તેમના મોટા કામો-પણ થોડા જ તેમના ગૌરવ વિશે જાણે છે. નિર્ગમનના પુસ્તકમાં આપણને આ તફાવતની ઝાંખી કરાવવામાં આવી છેઃ **"તે વેળાએ મેઘે મુલાકાતમંડપ ઉપર આચ્છાદન કર્યું ને યહોવાના ગૌરવથી મંડપ ભરાઈ ગયો."**(નિર્ગમન ૪૦:૩૪).

પાઊલ પ્રેરિત લખે છે કે સર્વ વિશ્વાસીઓનાં શરીરો દેવનો મુલાકાતમંડપ છેઃ **"તમે દેવનું મંદિર છો, અને તમારામાં દેવનો આત્મા વસે છે, એ શું તમે જાણતા નથી?"** (૧ કરિંથીઓને પત્ર

**દુનિયાની આત્મિક જાગૃતિ માટે પ્રાર્થનાનું આવ્હાન!**
**ઇકો ઓફ હીજ કોલ મિનિસ્ટ્રિજમાં અને અન્ય ચર્ચો/મંડળીઓમાં અને સંસ્થાઓમાં**
**આત્મિક જાગૃતિ માટે પ્રાર્થનાનો વિશ્વવ્યાપી ખાસ દિવસ!**

અમે અમારા દુનિયાભરના મિત્રોને નમ્રતાથી વિનંતી કરીએ છીએ **ઇકો ઓફ હીજ કોલ મિનિસ્ટ્રીજમાં** અને અન્ય ચર્ચો/મંડળીઓમાં અને સંસ્થાઓમાં આત્મિક જાગૃતિ માટે મે ૨૦૨૦ ના દિવસને ખાસ દિવસ તરીકે સવારે ૧૦.૦૦ વાગેથી સાંજે ૫.૦૦ વાગે સુધી સમર્પિત કરો અને તે દિવસને ખાસ પ્રાર્થના દિવસ તરીકે મનાવો. એક ખાસ મેળાવડો મુખ્ય ચર્ચમાં (ભારતના ચેન્નાઈમાં) આયોજીત કરવામાં આવ્યો છે. અમે અમારા સર્વ મિત્રો જેઓ ચેન્નાઈમાં દૂર છે અને ભારતમાં અન્ય સ્થળોએ છે, તેમને વિનંતી કરીએ કે તેઓ તેમના સ્થળે પ્રાર્થના મેળાવડાઓ રાખે. પ્રાર્થના મુદ્દાઓ પાછળથી મોકલવામાં આવશે. ભારત માટે અને દુનિયાનાં અન્ય દેશો માટે પ્રાર્થના કરવાનો આ યોગ્ય અને ચોક્કસ સમય છે.

પ્રાર્થના તો એ સામર્થ્ય છે જે હાથોને ચલાવે છે જે દુનિયાને ચલાવે છે!

**પાળક એમ. સામ સેલ્વરાજ**
ઇકો ઓફ હીજ કોલ

૩:૧૬) જેમ ઇસ્રાએલીઓ, જેઓ ઇશ્વરની હાજરીના મેઘસ્તંભની હેઠળ રહેતા હતા, તેમ આપણે પણ સતત ઇશ્વરની કૃપાના આવરણ હેઠળ છીએ. તો પણ, ઇશ્વરની હાજરી જોવાની અને તેમનું ગૌરવ જોવાનું, એની વચ્ચે શું તફાવત છે?

**યહોવા દેવે તેમના ગૌરવનો સાક્ષાત્કાર મૂસાને આપ્યો હતો.**

મૂસાએ ઇશ્વરની સતતની અભિવ્યક્તિ સાથેની હાજરી માટે તેમની શોધ કરી. "કે હું તને ઓળખું" (નિર્ગમન ૩૩:૧૨.). અને ઇશ્વરે તેને જવાબ આપ્યો, "મારી સમક્ષતા તારી સાથે આવશે અને તે તને વિસામો આપશે."

મૂસાની વિનંતી ઘણા ખરા વિશ્વાસીઓ માટે પૂરતી હશે. આપણે બધા ઇશ્વરની હાજરી ઇચ્છીએ છીએ-આપણને દોરતા, માર્ગદર્શન આપતા, સામર્થ્યવાન કરતાં, આપણને આશીર્વાદ આપતા. ખરેખર, કોઈ પણ વિશ્વાસી આના કરતા વધુ શું ઇચ્છી શકે? તો પણ ઇશ્વરની હાજરીની ખાતરી મૂસા માટે પૂરતી ન હતી. તે જાણતો હતો કે ત્યાં વધું કંઈક છે. અને તે પોકારી ઊભો, "કૃપા કરીને તારૂં ગૌરવ મને દેખાડ." (નિર્ગમન ૩૩:૧૮). ઇશ્વરે તેમનું ગૌરવ મૂસાને બતાવ્યું. પણ તે કોઈ તેજસ્વી વાદળમાં કે ધરતી ધ્રુજાવતા સામર્થ્યમાં જોવામાં આવ્યું નહિ. ના, ઇશ્વરે તેમના ગૌરવને એક સરળ સાક્ષાત્કારમાં તેમના સ્વભાવમાં વ્યક્ત કર્યુ; "અને યહોવા તેની આગળ થઈને ગયો અને એવું જાહેર કર્યુ કે, યહોવા, યહોવા, દયાળુ તથા કૃપાળુ દેવ, મંદરોષી અને અનુગ્રહ તથા સત્યથી ભરપૂરઃ હજારો પર કૃપા રાખનાર, અન્યાય તથા ઉલ્લઘંન તથા પાપની ક્ષમા કરનાર;" (નિર્ગમન ૩૪:૬-૭). ઇશ્વરનું ગૌરવ તેમના સારાપણાનો, દયાનો, પ્રેમનો અને કરૂણાનો સાક્ષાત્કાર હતો!

મેં ઘણા ખ્રિસ્તીઓને એમ બોલતા સાંભળ્યા છે, ઇશ્વરનું ગૌરવ કેવું આપણા ચર્ચમાં પાછલી રાતે આવ્યું ! ત્યાં એવું અતુલ્ય સ્તવન હતું અને લોકો પવિત્ર આત્માથી વિધાંય ગયા. પણ તે ઇશ્વરના ગૌરવના અભિવ્યક્તિની સાબીતી નથી. તેને માનવીય લાગણીઓની આગળ ઇશ્વર સાથે કોઈ લેવાદેવા નથી. તેઓ કોણ છે તેના સાક્ષાત્કારનો તે સમાવેશ કરતું નથી.

કેટલાક દલીલો કરે, "રૂપાંતરના પહાડ પર શિષ્યોને થયેલા અનુભવ બાબતમાં શું કહીએ? શુ તે ઇશ્વરના ગૌરવની અભિવ્યક્તિ ન હતી? ત્યાં અતિ સામર્થ્યવાન પ્રકાશ હતો અને મૂસા અને એલિયાની ચમત્કારીક હાજરી હતી."

પણ ઇશ્વરનું ગૌરવ મૂસા અથવા એલિયામાં અથવા અદ્ભુત પ્રકાશમાં ન હતું. તેમનું ગૌરવ ઇસુમાં હતું; **"અને તેઓની આગળ તેનું રૂપાંતર થયું, એટલે તેનું મોં સૂરજના જેવું તેજસ્વી થયું ને તેનાં લૂગડાં અજવાળાનાં જેવા ઊજળાં થયા અને જુઓ વાદળીમાંથી એવી વાણી થઈ કે આ મારો વહાલો દીકરો છે, એના પર હું પ્રસન્ન છું."** (માથ્થી ૧૭:૨-૫).

ઇશ્વર કહેતા હતા, "અહી મારો મહિમા છે- ઇસુમાં!" ખરેખર, ઇસુ તો ઇશ્વરે મૂસાને જે કહ્યુ, તેઓ તેને માટે હતા તે બધાની પરિપૂર્ણતા છે- કૃપાળુ,દયાવાન, સહનશીલ, સારુપણુ અને સત્યમાં ભરપૂર, હજારો માટે દયા રાખનાર, અન્યાયને માફ કરનાર અને પાપનું રૂપાંતર કરનાર. અને હવે ઇશ્વર કહેતા હતા, "અહીં મારા ગૌરવનું જીવતું ચિત્ર છે. તે સર્વ મારા પુત્રમાં જોવા મળે છે!

કેટલાક ખ્રિસ્તીઓને મેં કહેતા સાંભળ્યા છે, "જો ઇશ્વર ફક્ત મને નરકની ભયાનકતાઓનું દર્શન કરાવશે તો હું તેમને ક્યારે પણ છોડીશ નહિ. હું ઇસુ માટે દરરોજ જીવીશ!" ના-તે પ્રકારનું દર્શન ક્યારેય કોઈને થતું નથી. ફક્ત ઇસુ કોણ છે તેનું દર્શન- તેમના મહિમાનું, કૃપા અને દયાનું- આપણને પવિત્ર રાખશે. ત્યાર પછી, તે શપથ લેશે કે તે તેનું જીવન ખ્રિસ્તને સમર્પિત કરશે. પણ અઠવાડિયાની અંદર તે દર્શન મૃત્યુ પામ્યું અને તે તેના પાપભર્યા માર્ગોમાં પાછો ગયો.

ઇશ્વર ચાહે છે આપણી આંખો તે જોવા ખુલે, "પવિત્રોમાં તેના વારસાના મહિમાની સંપત્તિ શી છે." (એફેસીઓને પત્ર ૧:૧૮). તેઓ કહે છે, "જે બધું ગૌરવ મેં મૂસાને પ્રગટ કહુ તે મારા પુત્રમાં જોવા મળશે. અને હવે મેં તેમને તમારા વારસા તરીકે આવ્યો છે. તમને હક છે તેમને તેમના સર્વ મહિમામાં જોવાનો! **"કેમ કે ખ્રિસ્તમાં દેવત્વની સર્વ પરિપૂર્ણતા મૂર્તિમાન છે."** (કલોસ્સીઓને પત્ર ૨:૧૯).

મૂસાએ શા માટે આટલું જીવ પર આવીને ઇશ્વરના ગૌરવનું દર્શન શોધ્યું? હું માનું છું તેનું કારણ આ વચનમાં જોવા મળે છે, **"અને ત્યાં હું ઇસ્રાએલપુત્રોની મુલાકાત લઈશ; અને મંડપ મારા ગૌરવથી પવિત્ર થશે."** (નિર્ગમન ૨૯:૪૩) અહીં "પવિત્ર થશે" શબ્દનો અર્થ છે, "શુધ્ધ કર્યો". બીજા શબ્દોમાં ઇશ્વર કહેતા હતા, "મૂસા કેમ કે તું અને આ લોકો મારૂં ભજન કરો છો, તેથી હું તને મળીશ અને મારી હાજરી તને આપીશ. અને જ્યારે મારો મહિમા તને પ્રગટ કરૂ, ત્યારે તે તને શુધ્ધ કરશે"!

પવિત્રશાસ્ત્રમાં આ સહુથી સામર્થ્યવાન વચનોમાંનું એક છે. તે દરેક જણને આશા આપે છે જેઓ પાપમાં ઘેરાયેલા છે અને મુક્ત અને શુદ્ધ થવા માગે છે. ઇશ્વર ખાતરી આપે છે, "તમારૂં મંદિર મારા ગૌરવના સાક્ષાત્કારથી શુદ્ધ કરાશે. અને તે સાક્ષાત્કાર હમણા તમને ઉપલબ્ધ કરવામાં આવ્યો છે મારા પુત્ર, ઇસુ ખ્રિસ્તમાં!"

આપણે ખ્રિસ્તનો આ સાક્ષાત્કાર ક્યાં શોધીશું? આપણે જ્યારે પવિત્રશાસ્ત્ર પાસે આવીશું ત્યારે જ આપણે તે શોધી શકીશું! પાઊલ કહે છે જેમ આપણે ઇશ્વરના વચનને આપણામાં હમેશાં પ્રતિબિંબિત કરવા મંજૂરી આપીએ છીએ-ઇસુના સાક્ષાત્કારને વધારતા, ત્યારે આપણે મહિમાંથી મહિમાંમાં બદલાઈ જશુ: "પણ આપણે સર્વ ઉઘાડે મુખે જાણે કે આરસીમાં પ્રભુનો મહિમા નિહાળીશ પ્રભુના આત્માથી અધિકાધિક મહિમા ધારણ કરતાં તે જ રૂપમાં રૂપાંતર પામીએ છીએ." (૨ કરિંથીઓને પત્ર ૩:૧૮)

"આ ઇશ્વરના મહિમાનો સાક્ષાત્કાર આપણા જીવનો માટે સામર્થ્ય પ્રદાન કરશે; કેમ કે સર્વ ગૌરવ

**ઇકો ઓફ હીજ કોલ મિનિસ્ટ્રીના નહેમ્યાહ બાઈબલ કોલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓની સભા**

સ્થળ : નહેમ્યાહ બાઈબલ કોલેજ, ૧૦, મોહમ્મદ અબદુલ્લાહ બીજી ગલ્લી, ચેપોક, ચેન્નાઈ : ૬૦૦૦૦૫. ભારત

સમય : ૧૬ માર્ચ ૨૦૨૦, સાંજે ૫.૦૦ થી ૭.૦૦ વાગે સુધીઅમે અમારા ઇકો ઓફ હીજ કોલ, નહેમ્યાહ બાઈબલ કોલેજ, બાઈબલકોર, ઇશ્વરવિદ્યાના પત્રવ્યવહાર અભ્યાસક્રમના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને આમંત્રણ આપીએ છીએ.

| **રેવ્હ. ડૉ. ઇબે રાયનર સ્ટ્રોસ** | **પાળક એસ સામ સેલ્વરાજ** | **પાળક એલેક્ષ સેમસન સામ** |
|---|---|---|
| આચાર્ય | અધ્યક્ષ | નિર્દેશક |

**નહેમ્યાહ બાઈબલ કોલેજ પદવીદાન સમારોહ**

મહેરબાની કરીને નહેમ્યાહ બાઈબલ કોલેજના પદવીદાન સમારોહ માટે પ્રાર્થના કરશો જે ૧૩મી જૂન ૨૦૨૦, શનિવારે સાંજે ૪.૦૦ વાગે બાલાર કાલવી નિઆલયમ સભાગૃહ, અનિતા મેટ્રીક્યુલેશન શાળા, રીથેરડોન રોડ, પૂરાસાવાક્કમ, ચેન્નાઈ-૬૦૦૦૧૦, ખાતે થનાર છે.



# ખાડામાંથી મહેલમાં

**(Life experiences of Pastor S. Sam Selva Raj)**

***"whoever reads, let him understand" (Matthew 24:15)***

અંદાજે છેતાલીશ વર્ષો અગાઊ, એક મોટી આત્મિક જાગૃતિની સભા ચેન્નાઈમાં ભરાઈ હતી. દક્ષિણ આફ્રિકામાંથી કેટલાક મોટા ઉપદેશકો આવ્યા હતા. ઇશ્વરે તેમની મારફત ઘણા ચમત્કારો કર્યા હતા. મોટી સંખ્યામાં લોકો એ ચમત્કારના સાક્ષી રહયા હતા અને તેમના જીવનોમાં ઇસુ ખ્રિસ્તની સુવાર્તા વિશે પ્રથમવાર સાંભળ્યું હતું.હું તેમને સ્વૈચ્છિક કાર્યકર્તા તરીકે સહાય કરી રહયો હતો.

છેલ્લી સભા પૂર્ણ થયા પછી, ત્યાં મહેમાનો અને કાર્યકરો, જેઓએ સભાઓના આયોજનમાં સહાય કરી હતી, તેમનું નાનું સંમેલન ભરાયુ હતું. અચાનક, દક્ષિણ આફ્રિકાથી આવેલા મુખ્ય મહેમાને મને બોલાવ્યો અને મારા વિશે પૂછપરછ કરી, અને બેનરો લગાડવાની મારી પ્રામાણિક અને સખત મહેનત, નવા મિત્રોને આવકારવાનું અને આત્મિક જાગૃતિ સભા દરમિયાન સહભાગીઓને મદદ કરવા બદલ મારી કદર કરી.

તેમણે મને વધુ પુછયુ કે હું ક્યાંથી આવું છું અને મને વિનંતી કરી કે શું હું તેમને વિમાનમથકે બીજા દિવસે સવારે ૪.૦૦ વાગે મળી શકીશ જ્યારે તેઓ ભારતથી રવાના થાય ત્યારે. મેં જવાબ આપ્યો કે તે મારા માટે ઘણું વહેલી સવારનું થશે કેમ કે મારી પાસે એક જૂની સાઈકલ છે અને તે પણ એટલી સારી સ્થિતિમાં ન હતી કે હું તેના પર બેસીને મારા ઘરથી વિમાનમથક સુધી જઇ શકું અને તે અંતર મારા સ્થળેથી ૨૫ કિલોમીટર કરતા વધારે દૂર હતું.

તરત જ, તેમણે આજુબાજુ જોયું અને આ શહેરના એક મોટા સુવાર્તિકને જોયા અને તેમને તેમણે નામથી બોલાવ્યા અને કહયુ, "આ ભાઈ સામ સેલ્વરાજ છે. મેં જોયું છે કે તે સ્વૈચ્છિક રીતે ઘણું સારૂં કામ કરી રહયા છે અને મને તેમનામાં ખાસ બાબત જોવા મળે છે. હું ભારતમાંથી રવાના થવા પહેલા તેમની સાથે વિમાનમથકે કેટલોક સમય ગાળવા માંગું છું. તેઓ ઘણા ગરીબ છે અને તેંમની પાસે મુસાફરી માટે યોગ્ય વાહન પણ નથી કે તેઓ તેમણા ઘરથી વિમાનમથક સુધી આવતી કાલે વહેલી સવારે આવી શકે. તેથી મને આનંદ થશે જો તમે તેમને તમારી મોટરગાડીમાં તમારી સાથે લાવી શકો કેમ કે તમે મને વળાવવા વિમાનમથકે આવવાના છો." પણ તે સુવાર્તિક ભાઈ મારી પર ગુસ્સે થયા અને મુખ્ય મહેમાનને જવાબ આપ્યો, "મારી પાસે મારી મોટરગાડીમાં આ માણસને લાવવા જગ્યા નથી. તેને વિમાનમથકે આવવા ન દો. "મુખ્ય મહેમાને તેમને પૂછયું," શું તમારી સાથે અન્ય કોઈ લોકો છે કે જેઓ વિમાનમથકે આવવાના છે?" તેમણે જવાબ આપ્યો, "મારી સાથે કોઈ આવવાનું નથી, પણ હું આ ગરીબ માણસને કોઈ મદદ કરી શકું તેમ નથી."

ઇશ્વરના તે સેવક, જે મુખ્ય મહેમાન હતા, તેમને આ શબ્દો સાંભળીને ખરેખર આઘાત લાગ્યો...તેઓએ મને બોલાવ્યો અને મારા માથા પર તેમના હાથ મુક્યા અને આંસુઓ સાથે ઇશ્વરને પ્રાર્થના કરી અને મને લગ્નનો આશીર્વાદ મળે તેવી પણ આજીજી કરી. તેમણે મને વધુ કહયું, "મારા ભાઈ સામ, હું જાણું છું કે જેની આજે મેં સેવા કરી છે એવા મહાન ઇશ્વરના તમે નમ્ર સેવક છો. હું તમારા માટે અને તમારી મિનિસ્ટ્રીની ઉન્નતિ માટે પ્રાથુ છું. જે ઇશ્વરની હું સેવા કરૂં છું તેઓ હવે આકાશની બારીઓ ખોલી દેશે અને તમને તમારી ભારતમાંની મિનિસ્ટ્રી માટે ઘણી મોટરગાડીઓ, બસો અને અન્ય માળખીય વ્યવસ્થાનો આશીર્વાદ આપશે. તમારે તે ભાઈનો તિરસ્કાર કરવો નહિ કે જે તમને વિમાનમથકે લઈ જવા માગતા નથી જ્યારે તે આવતી કાલે સવારે વિમાનમથકે આવવાના છે."

આ અનુભવે મને પીડા આપી નહિ. પણ હું ઇશ્વરનો આભારી હતો તેમના આશીર્વાદિત વચનો જે તેમના સેવક મારફત મળ્યા હતા. દિવસો પસાર થઇ ગયા. પણ ઇશ્વર ઘણો કૃપાળુ હતો મને તેમના લક્ષમાં રાખવા માટે. પાછળથી ઇશ્વરે મને વહાનોથી આશીર્વાદિત કર્યો અને સર્વ જરૂરી સાધનો સાથે તેમની મિનિસ્ટ્રી માટે પણ. તેમણે મને અને મારા સાથી કાર્યકરોને તેજ વિમાનમથક સુધી ઘણી વખત સફર કરવામાં સક્ષમ કર્યા અમારા પોતાના વાહનો સાથે. કેવો અદ્ભૂત ઇશ્વર આપણા માટે છે! તેજ ઇશ્વર હજી જીવંત છે. તેઓ ગઇકાલે, આજે અને હમેશાં તે જ છે.

મારા વહાલા વાચક, શું તમે અસ્વસ્થ છો કે અન્યો તમને ઓળખતા નથી જ્યારે તમારે માથે અભિષિક્ત થાય ત્યારે? શું તમે હતાશ છો એ જોઇને કે તમારી હમણાની સંપદા હમણા ઓછી છે? શું તમારા જ લોકો દ્વારા તમે ઓછા અંકાયેલા છો? ઇશ્વર કહે છે, "**તમારા હૃદયોને વ્યાકુળ થવા ન દો..હું તમને અનાથ નહિ મૂકીશ, હું તમારી પાસે આવીશ.**" (યોહાન ૧૪:૧,૧૮). તેમની ઇચ્છાની અંદર જીવો. ઇશ્વર તમને આશીર્વાદિત કરો. ♦♦♦


**Statement about ownership and other particulars about the Newspaper Echo of His Call (Gujarati) - Form IV**

**(See Rule 8)**

1. Place of Publication : 10, Mohammed Abdullah 2nd Street, Chepauk, Chennai - 600 005.
2. Periodicity : Monthly
3. Printer, Editor, Owner & Publisher : **S. Sam Selva Raj** (Same Address)
4. Nationality : Indian

I, **S. Sam Selva Raj**, hereby declare that the particulars given above are true to the best of my knowledge and belief.

**March 2020** **S. Sam Selva Raj.**

RNI NO. 70103/98, Postal Regn. No. TN/CH(C)/203/18-20 WPP NO. TN/PMG(CCR)/WPP-216/18-20

## તેમના સાદનો પ્રતિસાદ

૧૬ ભાષાઓમાં પ્રકાશિત થતુ માસિક સામાયિક, બાઈબલ કોલેજો, પત્રવ્યવહાર અભ્યાસક્રમો, ચર્ચ પ્લાંટીંગ, ગ્રામ્ય અગ્રેજી માધ્યમિક સ્કુલ, સુવાર્તા છાપખાનું, ધર્મસભાઓ, પરિસંવાદો, સામાજીક સેવાઓ વગેરે.

**વાર્ષિક લવાજમ : રૂ.૧૦૦/-**
**આજીવન લવાજમ રૂ.૨૦૦૦/-**

**તેમના સાદનો પ્રતિસાદ** (ઇકો ઓફ હીજ કોલ) મિનિસ્ટ્રીની અનેકવિધ પ્રવૃત્તિઓ તમારા જેવા દેવના લોકો દ્વારા મળનાર સ્વૈછીક દાનો પર આધારીત છે. જેમ ઈશ્વર તમને દોરે તેમ તમે ઈકો ઓફ હીજ કોલ અને તેની પ્રવૃત્તિઓને મદદ કરી શકો છો. અમને તમારી મદદની જરૂર છે જેથી અમે વણખેડાયેલા લોકો સુધી સુવાર્તા મોકલી શકીએ અને ચર્ચો ઉભા કરી શકીએ.

જો તમે **ઈકો ઓફ હીજ કોલ** (તેમના સાદનો પ્રતિસાદ) સામાયિક નિયમિતપણે મેળવવા માગો છો, તો મહેરબાની કરીને અમારા પર લખો. જ્યારે પણ તમે તમારૂં પત્રવ્યવહાર સરનામું અથવા ઈમેલ સરનામા બદલો, મહેરબાની કરીને અમને તમારા જુના અને નવા સરનામા જણાવશો.

**ઈકો ઓફ હીજ કોલ** (તેમના સાદનો પ્રતિસાદ) ૧૬ ભાષાઓમાં અમારી વેબસાઈટ પર ઉપલબ્ધ છે, તમે તે સાઈટ પર જઈને વાંચી શકો તેમજ ડાઊનલોડ કરી શકો અને આશિર્વાદ મેળવો.

તમારા પત્રો, પ્રાર્થના વિનંતિઓ અને તમારી નાણાકીય મદદો (ડી.ડી.દ્વારા, ચેક, મનીઓર્ડર દ્વારા વગેરે) **ઈકો ઓફ હીજ કોલ** મિનિસ્ટ્રી પર નીચે દર્શાવેલા સરનામા પર મોકલી શકો છો.

મહેરબાની કરીને તમારા **ઘરનો ફોન/સેલ નંબરો, ઈમેલ સરનામા** અપડેશન માટે મોકલો.

**ECHO OF HIS CALL**
10, MOHAMMED ABDULLAH 2nd STREET,
CHEPAUK, CHENNAI - 600 005, INDIA
PH : (+91-44) 2852 8282, 2852 9293, 2854 7766
CELL : (+91) 98410 71852, 95661 31858
E-mails : sam@echoofhiscall.org / biblecor@yahoo.co.in
Websites : www.echoofhiscall.org / www.echoofhiscall.com
YOU CAN SEND YOUR DONATIONS ON ONLINE ALSO

(પાન ૮ થી આગળ)

ઉપર આચ્છાદન થશે. (યશાયા ૪:૫). બીજા શબ્દોમાં, ઇશ્વરનો મહિમા આપણને આપણા ખરાબ સમયમાં શુદ્ધ રાખશે. શેતાન કદાચ આપણને જુઠુ કહે, “તમે હાર પામ્યા છો! તમે ઠગ, જુઠા, વ્યભિચારી છો. પણ આપણે જવાબ આપી શકીએ,” ના, શેતાન, મારી પાસે પ્રમુખ યાજક છે-અને હું તેમના મહિમાના દર્શનથી શુદ્ધ થયો છુ!

જ્યારે ઇશ્વરે મૂસાને આ તેમના સ્વભાવની સર્વ બાબતો જણાવી, તેમણે તેને પૂર્ણ સાક્ષાત્કાર પણ કરાવ્યો કે તેઓ... “દોષિતને નિર્દોષ નહિ જ ઠરાવનાર.” (નિર્ગમન ૩૪:૭) અઝાર્યાએ આસા રાજાને તેના સૌથી મોટા સમૃદ્ધિના સમયમાં ભવિષ્યવાણી કરી હતી; “જો તું ઇશ્વરના મહિમાને તુચ્છકારીશ, જો તું તારા પાપ માટે બહાના કાઢીશ અને યહોવા દેવની અવગણના કરીશ-તેઓ તને શુદ્ધ કરશે નહિ.!” ...જ્યાં સુધી તમે યહોવાના પક્ષમાં રહેશો ત્યાં સુધી તે તમારી સાથે રહેશે, જો તમે તેને શોધશો, તો તે તમને મળશે, પણ જો તમે તેને તજશો, તો તે તમને તજી દેશે. (૨ કાળવૃત્તાંત ૧૫:૨).

અહી ઇશ્વર આપણને શું કહે છે તે સંરળ છે : “મારા પુત્રને ઓળખવા માટે સમય લો! મારા વચન શોધ અને તારી પ્રાર્થનાની ખાનગી ઓરડીમાં મને શોધ. ત્યારે, જ તું મારી હાજરી જોશે, તારી આંખો મારો મહિમા જોવા ઉઘડશે. આ બદું ખ્રિસ્તમાં પ્રગટ કરવામાં આવ્યું છે. તેઓ મારો પ્રેમ, કૃપા, દયા અને સારાપણાનો પૂર્ણ સાક્ષાત્કાર છે.”

“જેમ જેમ તમે આ સાક્ષાત્કારને સતત પ્રતિબિંબિત કરશો, તે તમને શુદ્ધ અને પવિત્ર કરશે-કારણ કે તમે વધુ અને વધુ ઇસુ જેવા બનશો. જેમા તમે જોયું તેઓ કેવા પ્રેમાળ અને દયાળુ છે તમારે માટે. તમે બીજાઓ પ્રત્યે વધુ પ્રેમાળ અને દયાળુ બનશો. એ તે મારો સાક્ષાત્કાર તમારા માટે હશે!”

વહાલાઓ, ચિન્હ માટે જોવાનું છોડી દો. તમારા ચર્ચ મકાનને કોઈ હલાવશે તેની અપેક્ષા રાખવાનું છોડી દો; અથવા કોઈ ઉપદેશક તમારા પર એમના હાથ મુકશે અને તમારી સર્વ સમસ્યાઓ ઉકેલશે. ફક્ત ઇશ્વરને જ શોધો! તેમન વચનો સ્પષ્ટ કરે છે-તમે કદાચ તેમની સતતની હાજરી અથવા થોડાક માનનો આનંદ લેશો; **“કેમ કે યહોવાની નજર આખી પૃથ્વીનું નિરીક્ષણ કર્યા કરે છે, જેથી જેઓનું અંતઃકરણ તેની તરફ સંપૂર્ણ છે...”** (૨: કાળવૃત્તાંત ૧૬:૯)

**તમારા પૂર્ણ હૃદય સાથે તેમને શોધો અને તમારા જીવનમાં તેમની હાજરીની ઇચ્છા રાખો. ત્યારે તમે જાણશો અને ઇશ્વરના અતુલ્ય મહિમાનો અનુભવ કરશો.**

♦♦♦

RNI NO. 70103/98
Postal Regn. No. TN/CH/(C)/203/18-20
WPP NO. TN/PMG(CCR) / WPP- 216/18-20
Date of Publication: Third week of every month
Date of Posting : 15th & 16th of every month
Posted at “Egmore RMS / 1 Patrika Channel”
on 16th MARCH 2020
If un-delivered please return to:
ECHO OF HIS CALL (GUJARATI)
P.O. Box No. 2957,
Chepauk, Chennai - 600 005, INDIA.
Phone: (+ 91- 44) 2852 8282, 2852 9293, 2854 7766

***JESUS LOVES YOU!***

To

*GOD BLESS YOU!*

Owned and published by **S. Sam Selva Raj** from No.18, Mohammed Abdullah Street, Chepauk, Chennai-600 005 and printed by him at **Echo of His Call Printers** No. 18, Mohammed Abdullah Street, Chepauk, Chennai-600 005. Editor: **S. Sam Selva Raj.**